# <u>*અમદાવાદના મહે. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદ.*</u>

**ફોજદારી કેસ નંબર :– ૭૮૭૭૭/ ૨૦૨૩.**

**આંક :–**

**<u>ફરીયાદી</u>** :– શ્રી સરકાર

**<u>વિ રૂ ધ્ધ</u>**

**<u>આરોપી</u>** :– જગદીશ નાથુજી કટારીયા

**<u>ગુન્હો :– આઈ.પી.સી. કલમ–૨૭૯ તથા મો.વ્હી.એકટની કલમ–૧૭૭, ૧૭૪ અન્વયે.</u>**

**ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૫૨ મુજબ ઠરાવ.**

૧). આ કામના આરોપી વિરૂધ્ધમાં **ઈ.પી.કો. કલમ–૨૭૯ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭ તથા ૧૮૪** મુજબનો ગુનો દાખલ છે. આથી આરોપી સામે હાલનું **ઈ.પી.કો. કલમ–૨૭૯ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪** મુજબના ગુનાનું ચાર્જશીટ પોલીસે કરેલ છે. તેને ફોજદારી કેસ રજીસ્ટરે લઈ કોગ્નીજન્સ લેવામાં આવેલ છે.

૨). આરોપી અદાલત સમક્ષ હાજર થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ આરોપીએ પોતાને ગુનો કબુલ છે તેવું જાહેર કરતી પુરસીસ રજુ કરેલ છે. આથી અદાલતે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલા નથી અને ગુનો કબુલ કરવાથી કાયદા મુજબ સજા થઈ શકે તે સમજાવેલ છે. ત્યારબાદ પ્લી રેકર્ડ કરતાં તેમાં પણ પોતાને ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આથી કબુલાત સ્વેચ્છાપૂર્વકની હોવાની ખાત્રી કર્યા બાદ પુરસીસ રેકર્ડ કરવામાં આવી, અને ત્યારબાદ આરોપીને સજા અંગે સાંભળવામાં આવ્યા.

૩). આરોપીએ ગુનાની કબુલાત સ્વૈચ્છિક કરેલ છે તથા અદાલત સમક્ષ પસ્તાવો વ્યકત કરેલ છે. પોતાનો આ પ્રથમ ગુન્હો હોય, ભવિષ્યમાં ગુનો નહી કરવાની ખાત્રી આપે છે તથા રહેમ રાખી હુકમ કરવા અરજ કરેલ છે. પોતે ગરીબ વર્ગના અને કુટુંબની એકમાત્ર કમાનાર વ્યકિત હોવાની રજુઆત કરે છે. પોતાના અને કુટુંબના ભવિષ્યને લક્ષમાં રાખી દયા રાખવા અને ગુનો માફ કરવા વિનંતી કરે છે.

૪). આરોપીએ ગુનો કબુલ કરતા સજા થવી જોઈએ તેમ આ અદાલત માને છે, તેમજ સમાજના હીતમાં પણ આરોપીને સજા કર્યા વિના માફ કરવા યોગ્ય નથી. પરંતુ આરોપીની રજુઆતો ધ્યાનમાં લેતાં તેમજ પુરસીસ વંચાણે લેતા અને ના.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ વિ. નટવર હરચંદજી ઠાકોર, રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર.૨૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત તથા સંજોગોને ધ્યાને લેતાં, આ કામમાં આરોપીને સુધરવાની તક આપી યોગ્ય ઈજા કરવી જોઈએ તથા હાલના ગુનામાં ઓછામાં ઓછી સજા નિયત કરવામાં આવેલ નથી. આથી ગુનાનો પ્રકાર, આરોપીની સ્થિતિ તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈ, ગુનાનો અહેસાસ માત્ર થાય તેટલી સજા કરવાની ન્યાયનો હેતુ જળવાઈ રહેશે, તેમ આ અદાલત માને છે.

૫). આરોપી સામેનો ગુનાનો આરોપ, ગુનાનો પ્રકાર, આરોપીની સ્થિતિ તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં અને આરોપી ગુનો કબુલ કરતા તકસીરવાન ઠરતા હોય, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**''હુ ક મ ''**

આરોપીને ભારતીય ફોજદારી ધારાની કલમ–ર૭૯ તથા મોટર વ્હીકલ એકટની કલમ ૧૭૭, ૧૮૪ અન્વયેના ગુના સબબ ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–રપર હેઠળ તકસીરવાન ઠરાવવામાં આવે છે.

ઉપરોકત આરોપીને ભારતીય ફોજદારી ધારાની કલમ–ર૭૯ ના ગુના માટે રૂા.૪૦૦/– (અંકેરૂપિયા ચારસો) પુરાના દંડની સજા કરવામાં આવે છે.

ઉપરોકત આરોપીને મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭ અન્વયેના ગુના સબબ રૂા.૧૦૦/– (અંકેરૂપિયા એકસો) પુરાના દંડની સજા કરવામાં આવે છે તેમજ મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૪ અન્વયેના ગુના સબબ કુલ રૂા.૧૦૦૦/– (અંકેરૂપિયા એક હજાર) પુરાનો દંડ અને દંડ ન ભરે તો દિવસ–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ કુલ રકમ રૂા.૧પ૦૦/– (અંકેરૂપિયા એક હજાર પાંચસો) પુરાનો દંડ ભરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૦૯/૦૯/ર૦ર૩.
અમદાવાદ.

**(એચ. એસ. દવે)**
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.
કોડ નં. જીજે૦૦૬૯૩.